૯૧ ૬૧

નવી બાબત

કુંભારીકામના કારીગરોના સમૂહોને ગુજરાત માટીકામ કલાક
અને રૂરલ ટેકનોલોજી સંસ્થાને વિકસાવેલ નવીન સાધ
સબસીડીથી પૂરા પાડવાની યોજનાની આયોજન સદરની ૮
૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતને વહીવ
મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- આરટીઆઇ/૧૦૨૦૧૪/૫૩૦(૩૯૦૬૪૭)/ખ૧,
સચિવાલય,ગાંધીનગર,
તા. /૦૭/૨૦૧૪
30 JUL 2014

સંદર્ભઃ- ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરની સીંગલ ફાઇલ સિસ્ટમ હેઠળ મળેલ તારીખ ૦૭/૦૩/૧૪ ની દરખાસ્ત .

**પ્રસ્તાવનાઃ**

કુંભારીકામના સમુહોને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા વિકસાવેલ નવ સાધનો સબસીડીથી પુરા પાડવાની યોજનાની ૧૩૦.૦૦ લાખની નવી બાબતને જનરલ પ્લાન સદર હેઠ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં સમાવવા અંગે નાણાં વિભાગની તા. ૧૨/૦૬/૨૦૧૪ની નોંધથી સૈદ્ધાંતિ સંમતિ મળેલ છે. આ હેતુસર વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં જનરલ પ્લાન સદરે કરવામાં આવેલ ૧૩૦.૦ લાખની નવી બાબતને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે પ્રસ્તુત દરખાસ્ત અન્વયે સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં ની દર્શાવેલ સદરે ૧૩૦.૦૦ લાખની યોજના માટે ખર્ચ કરવા આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

જનરલ પ્લાન

| | | |
|---|---|---|
| યોજનાનું નામ | : | કુંભારીકામના કારીગરના સમુહોને ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાનએ વિકસાવેલ નવીન સાધનો સબસીડીથી પુરા પાડવા બાબત |
| જોગવાઇ | : | રૂ. ૧૩૦.૦૦ લાખ |
| માંગણી નંબર | : | ૪૯ |
| મુખ્ય સદર | : | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો અંગે મૂડી ખર્ચ જોગવાઇ |
| ગૌણ સદર | : | ૨૦૦ ગ્રામીણ ઉદ્યોગો |
| પેટા સદર | : | ૦૧ આઇ એન ડી -૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન |

વિગતવાર સદર (૯) સહાયકી અનુદાન (ગ) અન્યને

આ અંગેનો ખર્ચ, યોજનાની જોગવાઇ સામે મેળવેલ મંજૂરી અન્વયે નીચે જણાવેલ શરતોને અધીન કરવાનો રહેશે.

**શરતોઃ-**

૧. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદા કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. યોજના હેઠળ નિયંત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૪. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકી વર્ષમાં પ્રયાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ, રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અ જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૬. આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

૮. બચત રહેતી રકમ વર્ષને અંતે સરન્ડર કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી(ઉદ્યોગ)ની તા.૨૧/૦૭/૨૦૧ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.ડી. મહેતા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, (કુટિર ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી,
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી,(કુટિર ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, (કુટિર ઉદ્યોગ) ના રહસ્ય સચિવશ્રી,
- કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ-રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર./અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (ઉદ્યોગ) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ.
- બજેટ શાખા, પ્લાનીંગ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ./ પસંદગી ફાઇલ.

d' c.7

**કુંભારીકામના કારીગરના સમુહોને ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાએ વિકસાવેલ નવીન સાધનો સબસીડીથી પુરા પાડવાની યોજના**

## ગુજરાતસરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: આરટીઆઇ/૧૦૨૦૧૪/૫૩૦ (૩૯૦૬૪૭)/ખ૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૩/૭/૨૦૧૪

**વંચાણે લીધાં :-**

(૧) ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામટેકનોલોજી સંસ્થાનની સીંગલ ફાઇલ ક્રમાંક: ગુ.મા.ક.આર.ટી.આઇ/૧૬-૭૬૦/૩-૧/ ૧૪-૧૫ થી મળેલ દરખાસ્ત.

(૨) વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૧૦૨૦૦૬-૧૩૭૩-ખ-૧ ,તા. ૧૮-૮-૨૦૦૭

**આમુખ :**

ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા કુંભારીકામ અને માટીકામ સાથે સંકળાયેલા કારીગરોનાં ઉત્પાદનો તૈયાર કરવા માટેની ઉત્પાદન પ્રક્રિયા સરળ બનાવવા,તેઓના આરોગ્ય સામેનું જોખમ ઘટાડવા તથા ઊર્જાની બચત થાય અને ઉત્પાદનો ગુણવત્તાયુકત બને તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા (૧) ઊર્જા બચાવતી સુધારેલી ભઠ્ઠી તથા આધુનિક માટીકામ માટે (૨) બ્લન્ઝર મશીન (૩) પોટમીલ અને બોલ મીલ તથા (૪) માટીના દાણા પાડવાનું મશીન વિકસાવવામાં આવેલ છે.

કુંભારીકામના કારીગરોના સમૂહોમાં સદર ટેકનોલોજીની નિદર્શનીય અસર ઊભી થાય અને કુંભારીકામના કારીગરો આ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાય તે માટે સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલ ઊર્જા બચાવતી સુધારેલી ભઠ્ઠી,૧૦૦ ટકા સબસીડીથી અને બ્લન્ઝર મશીન, પોટમીલ અને બોલ મીલ તેમજ માટીના દાણા પાડવાનું મશીન ૫૦ ટકા સબસડીથી પુરા પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારશ્રી દ્વારા રાજયમાં માટીકામ સાથે સંકળાયેલા કારીગરો તથા કારીગરોના સમૂહ નવીનતમ ટેકનોલોજીના સાધનનો ઉપયોગ કરતા થાય, સુધારેલી ભઠ્ઠીનો ઉપયોગ કરે જેથી ઊર્જાની બચત થાય, કારીગરોની ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય, તેઓની આરોગ્ય સામેના જોખમો ઓછાં થાય તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા વિકસાવવામાં આવેલ નવીનતમ ટેકનોલોજીના સાધનો ૫૦ ટકા સબસીડીના ધોરણે અને ઊર્જા બચાવતી ભઠ્ઠી ૧૦૦ ટકા સબસીડીના ધોરણે આપવાની યોજનાને આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) બ્લન્ઝર મશીન, બોલ મીલ અને પોટમીલ અને માટીના દાણા પાડવાનું મશીન સહાય માટે લાભાર્થીની પસંદગી, ઉદ્યોગ અને ખાણ વિભાગના માટીકામ કારીગરોની કૌશલ્ય તાલીમ અને સહાય યોજનાના ઠરાવ ક્રમાંક: બજટ-૧૦૨૦૦૬-૧૩૭૩-ખ-૧ તા. ૧૮-૮-૨૦૦૭ મુજબ [illegible]

ધોરણે લાભાર્થીઓનો ૫૦ ટકા ફાળો મેળવી સાધન સહાય આપવાની રહશે. જ્યારે સુધારેલી ભઠ્ઠી બાંધી આપવા માટે આ યોજના અન્વયે લાભાર્થીઓના જૂથોની પસંદગી તથા તે માટેની શરતો અને બોલીઓ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન દ્વારા કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગના પરામર્શમાં તૈયાર કરી તેની માર્ગદર્શિકા મુજબ ભઠ્ઠી આપવાની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખોતવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની ટેન્ડરીંગ અંગેની વખતોવખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેના ખર્ચનું સદર નીચે મુજબ રહેશે.

માંગણી નંબર :**૪૯ જનરલ પ્લાન**
મુખ્ય સદર : ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો અંગે મુડી ખર્ચ જોગવાઇ
ગૌણ સદર : ૨૦૦ અન્ય ગ્રામીણ ઉદ્યોગો
પેટા સદર : (૧૨)આઇએનડી–૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન
વિગતવાર સદર : (૯) સહાયકી અનુદાન (ગ) અન્યને

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૬/૨૦૧૪ ની નોંધ તેમજ નાણા સલાહકારશ્રી(ઉદ્યોગ)ની તા.૨૧/૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.ડી.મહેતા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)

– માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર

– માન.મંત્રીશ્રી(નાણા)ના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

– માન.રા.ક.મંત્રી(ઉદ્યોગ)ના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

– અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર

– સચિવશ્રી,( કુટિર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

– કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

–નાણાં સલાહકારશ્રી (ઉદ્યોગ) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

– મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ

– નિયામકશ્રી, હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

– બજેટ, પ્લાન, નાણા શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

– મહાલેખાકારશ્રી(ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ

– કમિશનરશ્રી, માહિતી ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

– કોમ્પ્યુટર સેલ (વેબસાઇટ પર મૂકવા) ઉદ્યોગ અને ખાણ વિભાગ – સિલેક્ટ ફાઇલ.